# આકાશવાણી, ભુજ

## સમાચાર વાચક : શિતલ વૈશ્નવ

## કોમ્પ્યુટરાઈઝડ : આશિષ શાહ

**તા. ૩૧–૦૭–૨૦૨૪ સમય : સવારે ૬.૫૦**

---

### કેરળમાં ભુસ્ખલન :

કેરળના વાયનાડમાં ભુસ્ખન થતાં ૧૨૬ જણના મોત થયા હતા. તો ૧૨૮થી વધુ ઘાયલ થયા હતા. ૪ ગામડા જળમગ્ન બનતાં સેનાએ બચાવ કામગીરી હાથ ધરી હતી. ભુસ્ખલનમાં જીવ ખોનારા લોકોના પરિવારને પ્રધાન મંત્રી નરેન્દ્ર મોદીએ ૨–૨ લાખ અને ઘાયલોને ૫૦ હજારની સહાયની ઘોષણા કરી હતી

**શીતલ વૈષ્નવ**

---

### મુખ્યમંત્રીની કચ્છની મુલાકાત :

કચ્છના કણકણમાં વિકાસ છે , હું કહું છું કે આ જિલ્લો ભારતનું સોનુ છે અને તેને વધુ ચમકાવવા ગુજરાત સરકાર તમામ સ્તરે ધ્યાન આપી રહી હોવાની ઉમળકાભરી વાત મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલે આજે કચ્છમિત્ર ભવનની શુભેચ્છા મુલાકાત દરમ્યાન કરીને આ ઇરાદાને મૂર્તિમંત કરવા વ્યાપક સ્તરે આયોજન હાથ ધરાઇ રહ્યાં હોવાની વિગતો આપી હતી.

**કચ્છની મુલાકાતે આવેલા** મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ભગવાન મહાવીર પશુ રક્ષાકેન્દ્ર એન્કરવાલા અહિંસા ધામ મુન્દ્રા દ્વારા ૬૦૦ એકરમાં નિર્માણ થયેલા એન્કરવાલા નંદીસરોવર , ૨૨૫ એકરમાં પાંચ લાખ વૃક્ષો સાથે આકાર પામનારા નંદનવન , વન અભ્યારણ સહિતના પ્રકલ્પોની નિરીક્ષણ મુલાકાત લઇને પર્યાવરણ તથા જીવદયા ક્ષેત્રે સંસ્થાની કામગીરીને બિરદાવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ કચ્છમાં સચરાચર વરસાદના પગલે ૬૦૦ એકરમાં ૩ સરોવર પૈકીના નંદીસરોવરમાં આવેલા નવાનીરને શાસ્ત્રોક્ત વિધિ સાથે શ્રીફળ પધરાવીને વધાવ્યા હતા. તેમજ સરોવરની પાસે વૃક્ષારોપણ કર્યું હતું. ત્યારબાદ ૨૨૫ એકરમાં આકાર પામી રહેલા નયનરમ્ય નંદનવનની મુલાકાત લીધી હતી.

**ન્યુઝ પેપર**

---

## કૃષિમંત્રી : શિવરાજસિંહ ચૌહાણ :

કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું છે કે સરકાર ન્યૂનતમ સમર્થન મૂલ્ય MSPનો સંપૂર્ણ લાભ દેશના ખેડૂતો સુધી પહોંચે તે માટે પ્રતિબદ્ધ છે. ગઈકાલે લોકસભામાં એક લેખિત જવાબમાં મંત્રીએ જણાવ્યું હતું કે સરકાર દ્વારા દેશના ખેડૂતોને MSP પ્રદાન કરવા અને પ્રણાલીને વધુ અસરકારક અને પારદર્શક બનાવવા માટે સૂચનો આપવા માટે એક સમિતિની રચના કરવામાં આવી છે. તેમણે જણાવ્યું હતું કે , સમિતિને કૃષિ ખર્ચ અને કિંમતો માટેના કમિશનને વધુ સ્વાયત્તતા આપવાની શક્યતા તપાસવા માટે કહેવામાં આવ્યું હતું.

મંત્રીએ કહ્યું કે કૃષિ માળખાકીય કોષ હેઠળ 31 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં 72 હજાર 222 પ્રોજેક્ટ માટે લગભગ 46 હજાર કરોડ રૂપિયા પણ મંજૂર કરવામાં આવ્યા છે.

**રીજીયોનલ**

---

## જળશકિત અભિયાન :

કેન્દ્ર સરકારે જળશક્તિ અભિયાન હેઠળ છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન વરસાદી પાણીના સંગ્રહ માટે ગુજરાત રાજ્યને કુલ 4 હજાર 369 કરોડ રૂપિયા ફાળવ્યા છે.

જળશક્તિ વિભાગના રાજ્યકક્ષાના મંત્રી રાજભૂષણ ચૌધરીએ રાજ્યસભાના સાંસદ પરિમલ નથવાણીના એક પ્રશ્નના જવાબમાં ગૃહમાં આ માહિતી આપી હતી.

તેમણે વધુમાં કહ્યું કે અટલ મિશન ફોર રિજુવિનેશન એન્ડ અર્બન ટ્રાન્સફોર્મેશન હેઠળ ગુજરાત માટે જળાશયોના નવસર્જન માટે 651 કરોડ રૂપિયાના ખર્ચે 188 પ્રોજેક્ટને કેન્દ્ર સરકારે મંજૂરી

આપી છે. જ્યારે પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના હેઠળ, વોટરશેડ બનાવવા માટે કેન્દ્ર સરકારે છેલ્લા ત્રણેક વર્ષ ઉપરાંતના ગાળામાં ગુજરાત માટે કુલ 218 કરોડ રૂપિયા આપ્યા છે.

**રીજીયોનલ**

---

## પેરીસ ઓલમ્પીકમાં કાંસ્ય ચંદ્રક :

ભારતીય નિશાનેબાજ મનુ ભાકર અને સરબજોત સિંહે પેરિસ ઓલિમ્પિકમાં 10 મીટર એર પિસ્તોલ મિશ્રિત ટીમ ઈવેન્ટમાં ભારત માટે બીજો કાંસ્ય ચંદ્રક જીત્યો છે.. મનુ ભાકર એક જ ઓલિમ્પિકમાં બે મેડલ જીતનારી પ્રથમ ભારતીય ખેલાડી બની હતી. મનુ અને સરબજોતની જોડીએ દક્ષિણ કોરિયાના ઓહ યે જિન અને લી વોન્હો સામે 16-10થી જીત મેળવીને કાંસ્ય ચંદ્રક જીત્યો હતો. આ પહેલા મનુ ભાકરે રવિવારે 10 મીટર પિસ્તોલ શૂટિંગમાં કાંસ્ય ચંદ્રક જીતીને ભારતનું ખાતું ખોલાવ્યું હતું.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ તેમજ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે મનુ ભાકર અને સરબજોત સિંહને પેરિસ ઓલિમ્પિક 2024માં મિશ્રિત ટીમ 10 મીટર એર પિસ્તોલ સ્પર્ધામાં ભારત માટે કાંસ્ય ચંદ્રક જીતવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. તો પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અભિનંદન આપતા કહ્યું, ભારતીય નિશાનેબાજોએ દેશને ગૌરવ અપાવવાનું ચાલુ રાખ્યું છે. બંનેએ શાનદાર કૌશલ્ય અને ટીમવર્ક બતાવ્યું છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે ,. મનુ માટે , આ તેનો સતત બીજો ઓલિમ્પિક ચંદ્રક છે, જે તેની સતત શ્રેષ્ઠતા અને સમર્પણનું ઉદાહરણ છે.

**એન એસ ડી**

---

## જિલ્લામાં વરસાદી માહોલ :

અરબી સમુદ્રમાં સર્જાયેલ સાયક્લોનિક સર્ક્યુલેશનની અસર તળે કચ્છમાં સાર્વત્રિક અડધોથી પાંચ ઈંચની વરસેલી મેઘકૃપા વરસી હતી. લખપતમાં અડધોથી દોઢ તો ભુજ, અંજાર, ગાંધીધામ, રાપર વિસ્તારમાં ઝરમર ઝાપટાથી લઈ અડધો ઈંચ વરસાદ પડયો હતો. ભચાઉ વિસ્તારમાં સવારે પોણા બે ઈંચ વરસાદ ખાબક્યો હતો. આ વરસાદથી નાની સિંચાઈના વધુ ચાર ડેમ ઓવરફ્લો થવા સાથે અનેક ગ્રામ્ય તળાવોમાં નવા જળની પૂરજોશમાં આવક થઈ હતી.

બન્ની પંથકના ભીરંડિયારા, રેલડી, મદના, દેઢિયા, વાગુરા પંથક બાજુમાં પોણાથી 1 ઈંચ વડ, ગેધુડીવાંઢ, સાડઈ, હોડકો બાજુ 1થી દોઢ ઈંચ અને જત પટ્ટીના શેરવા, સરણ, ભગાડિયા ગામોમાં 2થી 3 ઈંચ જેટલો વરસાદ **પડતાં માલધારીઓ ખુશ થઈ ગયા હતા.**

**કચ્છમિત્ર**

---

---